# વર્ષ દરમિયાન ગાજેલા વિવાદ




29 સપ્ટેમ્બર

## ભારતે મોહસીન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનું નકાર્યું

એશિયા કપની ફાઇનલમાં પાકિસ્તાનને હરાવ્યા પછી ભારતીય ટીમે PCB અને ACC પ્રમુખમોહસીન નકવી પાસેથી ટ્રોફી અને મેડલ સ્વીકારવાનો ઇનકાર કર્યો.

## માન્ચેસ્ટર ટેસ્ટમાં હાથ મિલાવવાનો વિવાદ


28 જુલાઇ

માન્ચેસ્ટરમાં ડ્રો ભણી જતી ટેસ્ટમાં બેન સ્ટોક્સે ડ્રોની સંમતિ માટે રવિન્દ્ર જાડેજા સામે હાથ લંબાવ્યો પણ જાડેજાએ હાથ મિલાવવાને બદલે બેટિંગ ચાલુ રાખી

## કોહલી-રોહિત સાથે ગંભીરનો છુપો ઇગો ક્લેશ


1 ડિસેમ્બર

ભારતીય ડ્રેસિંગ રૂમમાં કોહલી-રોહિતનું ગંભીર સાથે છુપું ઘર્ષણ રહ્યું. જેમાં કેક સેલિબ્રેશનમાં કોહલીનું સામેલ ન થવું અને રોહિત-ગંભીર વચ્ચે ઉગ્ર ચર્ચાનો વીડિયો સામે આવ્યો

## હારિસ રઉફ, સાહિબજાદા ફરહાનની મેદાન પર વિવાદી ચેષ્ટા


22 સપ્ટેમ્બર

એશિયા કપમાં પાકિસ્તાનના સાહિબજાદા ફરહાન અને હારિસ રઉફે મેદાન પર કરેલી ચેષ્ટા વિવાદી બની. બુમરાહે પણ રઉફને બોલ્ડ કરી સામો પ્લેન ક્રેશનો ઇશારો કર્યો હતો.

## વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં અરાજકતા

21 જુલાઇ

પસંદગી અધિકારીઓની વહીવટી ભૂલને કારણે છ ભારતીય શટલરો વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં તેમની મેચ ચૂકી ગયા.

## મોહસીન નકવી ટ્રોફી પોતાની સાથે લઇ ગયા


17 ઓક્ટોબર

મોહસીન નકવીએ એશિયા કપ ટ્રોફીને એસીસી હેડક્વાર્ટરમાં લોક કરાવીને સ્ટાફને સૂચના આપી કે આ ટ્રોફી મારી સૂચના વગર અહીંથી ખસેડવી નહીં


12 એપ્રિલ

## આઇ-લીગ ટાઇટલ વિવાદ : ઇન્ટર કાશી વિરુદ્ધ ચર્ચિલ બ્રધર્સ એફસી

આઇ-લીગની 2024-25 સીઝનમાં ચર્ચિલ બ્રધર્સ અને ઇન્ટર કાશી બંનેએ ટાઇટલ જીતવાનો દાવો કર્યો. પહેલા ચર્ચિલ બ્રધર્સ ચેમ્પિયન જાહેર કર્યું. તે પછી CASએ ઇન્ટર કાશીને વિજેતા જાહેર કર્યું.




14 સપ્ટેમ્બર

## એશિયા કપમાં ભારતીય ટીમે પાકિસ્તાન સાથે હાથ ન મિલાવ્યો

એશિયા કપમાં ભારતીય કેપ્ટન સૂર્યકુમારે ટોસ સમયે  સલમાન આગા સાથે અને મેચ જીત્યા પછી ભારતીય ટીમે પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનું નકાર્યું




17 સપ્ટેમ્બર

## પાકિસ્તાને હેન્ડ શેક વિવાદમાં યુએઇ સામેની મેચ વિલંબીત કરી

PCBએ મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટને હાથ ન મિલાવવાની ઘટના માટે જવાબદાર ઠેરવી ભારતના પગલાને ક્રિકેટની ભાવના વિરુદ્ધ ગણાવીને યુએઇ સામેની મેચ મોડી કરી



4 જૂન

## ચિન્નાસ્વામી સ્ટેડિયમ ભાગદોડ : RCB-આયોજકો સામે કેસ

RCBની ઐતિહાસિક IPL જીતની ઉજવણી દરમિયાન એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ બહાર ભાગદોડમાં 11 ચાહકોના મોત થતા, ફ્રેન્ચાઇઝી, ઇવેન્ટ આયોજકો અને સ્ટેડિયમ સંચાલકો સામે FIR દાખલ

## બુમરાહનો બાવુમાને ‘બૌના’ કહેવાનો વિવાદ


14 નવેમ્બર

કોલકાતામાં પ્રથમ ટેસ્ટ દરમિયાન જસપ્રીત બુમરાહે દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાની ઊંચાઇ અંગે કરેલી ટીપ્પણી ‘સ્ટમ્પ-માઇક’માં જાહેર થતા તેણે સોશિયલ મીડિયામાં ભારે ટ્રોલનો સામનો કરવો પડ્યો.

## દક્ષિણ આફ્રિકાના કોચ કોનરાડની ‘ગ્રોવેલ’ ટિપ્પણી


26 નવેમ્બર

ગુવાહાટી ટેસ્ટના ચોથા દિવસ પછી, દક્ષિણ આફ્રિકાના મુખ્ય કોચ શુક્રી કોનરાડે ભારતીયો માટે ‘ગ્રોવેલ’ શબ્દનો ઉપયોગ કરીને વિવાદ ઉભો કર્યો.

## ભારતની ટોચના ડોપિંગ ગુનેગાર તરીકે હેટ્રીક

ભારતે સતત ત્રીજા વર્ષે WADAની ડોપિંગ અપરાધીઓની યાદીમાં 3.6 ટકાના પોઝિટિવિટી ટોચ પર રહીને હેટ્રિક કરી.

# કેટલાક ક્રિકેટરની તમામ ફોર્મેટમાંથી તો કેટલાકની કોઇ એક ફોર્મેટમાંથી નિવૃત્તિ

### માર્ટિન ગપ્ટિલ : તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ



2015ની વર્લ્ડકપ ક્વાર્ટર ફાઇનલમાં રેકોર્ડબ્રેક બેવડી ફટકારનાર ન્યુઝીલેન્ડના અનુભવી ઓપનર માર્ટિન ગપ્ટિલે તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી.

### નિકોલસ પૂરન : તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ



10 જાન્યુઆરી

વેસ્ટ ઈન્ડિઝના માજી T20I કેપ્ટન નિકોલસ પૂરને માત્ર 29 વર્ષની ઉંમરે ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.

### તમીમ ઇકબાલ : તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ

૧૦ જાન્યુઆરી

બાંગ્લાદેશના માજી કેપ્ટન તમિમ ઇકબાલે વર્ષની શરૂઆતમાં જ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી.

### માર્કસ સ્ટોઈનિસ : વન ડેમાંથી નિવૃત્તિ

6 ફેબ્રુઆરી



ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઇનિસે 2025 ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા વન ડેમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને ચાહકોને ચોંકાવ્યા. સ્ટોઇનિસે 74 વન ડેમાં 1,495 રન બનાવ્યા અને 48 વિકેટ લીધી.

### ચેતેશ્વર પૂજારા : : તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ

24 ઓગસ્ટ



સંયમ, રક્ષણાત્મક રમત અને ક્રીઝ પર દ્રઢતાથી ભારતની નવી દિવાલ તરીકે જાણીતા, ચેતેશ્વર પૂજારાએ તમામ ઇન્ટરનેશનલ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી.

9 ફેબ્રુઆરી

### દિમુથ કરુણારત્ને : તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ



શ્રીલંકાના માજી ટેસ્ટ કેપ્ટન દિમુથ કરુણારત્નેએ એક સ્થિર અને સન્માનજનક કેરિયરનો અંત કરીને તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી.

5 માર્ચ

### સ્ટીવ સ્મિથ : વન ડેમાંથી નિવૃત્તિ



ઓસ્ટ્રેલિયન બેટ્સમેન સ્ટીવ સ્મિથે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી ઓસ્ટ્રેલિયાની ટીમ બહાર થયા બાદ વન-ડે ઇન્ટરનેશનલમાંથી નિવૃત્તિ લીધી.

7 મે

### રોહિત શર્મા : ટેસ્ટમાંથી નિવૃત્તિ



‘હિટમેન’ તરીકે જાણીતા અને આધુનિક ક્રિકેટના સૌથી સુશોભિત બેટ્સમેનોમાંના એક, રોહિત શર્માએ ટેસ્ટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.

12 મે


### વિરાટ કોહલી : ટેસ્ટમાંથી નિવૃત્તિ



કેપ્ટન તરીકે વિદેશમાં ભારતને વિજેતા ટીમ બનાવનારા વિરાટ કોહલીએ 14 વર્ષની શાનદાર ટેસ્ટ કેરિયરનો અંત લાવીને નિવૃત્તિ લીધી.

2 જૂન

### ગ્લેન મેક્સવેલ : વન ડેમાંથી નિવૃત્તિ



રમતના સૌથી ગતિશીલ મનોરંજન કારોમાંના એક, ગ્લેન મેક્સવેલે 36 વર્ષની ઉંમરે વન ડેમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.

2 જૂન

### હેનરિક ક્લાસેન : તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ



દ. આફ્રિકાના વિકેટકીપર-બેટ્સમેન હેનરિકે 33 વર્ષની વયે તમામ ઇન્ટરનેશનલ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.

6 જૂન

### પિયુષ ચાવલા : તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ



17 વર્ષની ઉંમરે સચિનને પોતાની ગુગલીથી આઉટ કરીને જાણીતા થયેલા અનુભવી લેગ-સ્પિનર પીયૂષે ક્રિકેટના તમામ ફોર્મેટને અલવિદા કર્યું.

4 સપ્ટેમ્બર

### અમિત મિશ્રા : તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ



IPL અને સ્થાનિક ક્રિકેટના દિગ્ગજ લેગ-સ્પિનર અમિત મિશ્રાએ પોતાની 25 વર્ષ લાંબી કેરિયર પર પડદો પાડીને ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી.

### વરુણ એરોન : તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ



10 જાન્યુઆરી

પોતાની સ્પીડ માટે જાણીતા ઝડપી બોલર વરુણ એરોને 20 વર્ષ લાંબી ઇન્ટરનેશનલ કેરિયર પર પડદો પાડીને તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.

### રિદ્ધિમાન સાહા : તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ



2 ફેબ્રુઆરી

ભારતના શ્રેષ્ઠ વિકેટકીપરોમાંના એક રિદ્ધિમાન સાહાએ 40 ટેસ્ટ મેચના અનુભવ સાથે તમામ ફોર્મેટમાંથી પોતાની નિવૃત્તિની જાહેરાત કરી.

### આન્દ્રે રસેલ

**17 જુલાઇ**
વેસ્ટ ઈન્ડિઝના બિગ હિટર આન્દ્રે રસેલે તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેરાત કરી. તે પછી તેણે IPLમાંથી પણ નિવૃત્તિ લીધી હતી.

# રમત જગતના જાણીતી હસ્તીઓ જેમણે દુનિયામાંથી વિદાય લીધી


### ભારતના ડાબોડી સ્પિનર પદ્માકર શિવાલકર



3 માર્ચ

ડોમેસ્ટિક ક્રિકેટમાં 636 વિકેટ લેવા છતાં ભારત માટે ક્યારેય ઇન્ટરનેશનલ ક્રિકેટ ન રમી શકેલા દિગ્ગજ સ્પિનર પદ્માકર શિવાલકરનું અવસાન થયું.

### ભારતીય ઓલરાઉન્ડર સૈયદ આબિદ અલી



12 માર્ચ

ભારત વતી 29 ટેસ્ટ રમનારા દિગ્ગજ ઓલરાઉન્ડર અને ઉત્તમ ફિલ્ડર સૈયદ આબિદ અલીનું 83 વર્ષની વયે અવસાન થયું.

### દિગ્ગજ બોક્સર જ્યોર્જ ફોરમેન



22 માર્ચ

19 વર્ષની વયે ઓલિમ્પિક્સ ગોલ્ડ મેડલ જીતનારા અમેરિકન બોક્સર અને હેવીવેઇટ ચેમ્પિયન જ્યોર્જ ફોરમેનનું 76 વર્ષની ઉંમરે નિધન.

### ઓસ્ટ્રેલિયન બેટ્સમેન બોબ કાઉપર



11 મે

1960ના દાયકામાં ઓસ્ટ્રેલિયા માટે 27 ટેસ્ટ રમનારા બેટ્સમેન બોબ કાઉપરનું 84 વર્ષની વયે અવસાન થયું. કાઉપરે 1968ની એશિઝમાં ઐતિહાસિક 307 રન બનાવ્યા હતા.

### માજી ભારતીય દિગ્ગજ દિલીપ દોશી



24 જૂન

માજી ભારતીય સ્પિનર દિલીપ દોશીનું લંડનમાં 77 વર્ષની વયે અવસાન થયું. તેઓએ ભારત માટે 33 ટેસ્ટ અને 15 વન ડે રમીને 114 ટેસ્ટ વિકેટ લીધી હતી.

### પોર્ટુગીઝ ફૂટબોલર ડિઓગો જોટા



3 જુલાઇ

લિવરપૂલ માટે રમતા પોર્ટુગીઝ ફૂટબોલર ડિઓગો જોટાનું કાર અકસ્માતમાં અવસાન થયું. અકસ્માતમાં તેના ભાઇ આન્દ્રે સિલ્વાનું પણ મોત થયું હતું

### ઓસ્ટ્રેલિયન કેપ્ટન બોબ સિમ્પસન



16 ઓગસ્ટ

ખેલાડી, કેપ્ટન અને કોચ તરીકે ઉત્કૃષ્ટ યોગદાન આપનારા માજી ઓસ્ટ્રેલિયન કેપ્ટન બોબ સિમ્પસનનું 89 વર્ષની વયે અવસાન થયું.

### દિગ્ગજ અમ્પાયર ડિકી બર્ડ



23 સપ્ટેમ્બર

ભારતના 1983ના વર્લ્ડકપ વિજયના સાક્ષી મહાન અમ્પાયર ડિકી બર્ડનું 92 વર્ષની વયે અવસાન થયું, તેમણે ત્રણ વર્લ્ડ કપ ફાઇનલમાં અમ્પાયરિંગ કર્યું હતું.

### સૌથી વૃદ્ધ મેરેથોન દોડવીર ફૌજા સિંહ



15 જુલાઇ

ભારતમાં જન્મેલા બ્રિટિશ નાગરિક વિશ્વના સૌથી વૃદ્ધ મેરેથોન દોડવીર ફૌજા સિંહનું 114 વર્ષની વયે ભારતમાં એક માર્ગ અકસ્માતમાં  અવસાન થયું

### ઇંગ્લેન્ડનો બેટ્સમેન રોબિન સ્મિથ



2 ડિસેમ્બર

દક્ષિણ આફ્રિકામાં જન્મેલા અને વેસ્ટઇન્ડિઝની પેસ બેટરીનો હિંમતભેર સામનો કરનારા ઇંગ્લેન્ડના બેટ્સમેન રોબિન સ્મિથનું નિધન થયું.

### પ્રો રેસલર હલ્ક હોગન

24 જુલાઇ

WWE ની વિશ્વવ્યાપી લોકપ્રિયતાનો પાયો નાંખનારા પ્રસિદ્ધ પ્રો રેસલર હલ્ક હોગન તરીકે જાણીતા ટેરી જીન બોલિયાનું ફ્લોરિડાના ક્લિયરવોટરમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયું.

# 2025ની રમત-જગતની મહત્ત્વની ઘટનાઓ



23 સપ્ટે. 17 ડિસે.

### ઓસ્માન ડેમ્બેલે અને એટાના બોનમેટીને શ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ મળ્યો

આ વર્ષના બેલોન ડી’ઓર એવોર્ડ જીતનારા ઓસ્માન ડેમ્બેલે અને એતાના બોનમેટીને ફિફા એવોર્ડ્સમાં અનુક્રમે પુરુષ અને મહિલા કેટેગરીમાં વર્ષના શ્રેષ્ઠ ખેલાડી જાહેર થયા.



17 ડિસેમ્બર

### ધૂમ્મસને કારણે લખનૌમાં ટી-20 ઇન્ટરનેશનલ રદ

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ચોથી ટી-20 ઇન્ટરનેશનલ ગાઢ ધુમ્મસને કારણે રદ કરી દેવામાં આવી હતી અને કદાચ ઇન્ટરનેશનલ લેવલે આવી આ પહેલી ઘટના હતી.

### અંડર-19 એશિયા કપ પાકિસ્તાન જીત્યું

અંડર 19 એશિયા કપની ફાઇનલમાં પાકિસ્તાને ભારતને 191 રનના મોટા માર્જીનથી હરાવીને બીજીવાર આ ટાઇટલ જીત્યું હતું.




21 ડિસેમ્બર



21 માર્ચ

### કર્સ્ટી કોવેન્ટ્રીનું IOC પ્રમુખપદ

ઝિમ્બાબ્વેના માજી સ્વિમિંગ દિગ્ગજ કર્સ્ટી કોવેન્ટ્રી આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) ના પ્રથમ મહિલા પ્રમુખ બન્યા.

### આર્યના સબાલેન્કાનું મહિલા સિંગલ્સમાં પ્રભુત્વ

7 સપ્ટેમ્બર



આર્યના સબાલેન્કા સતત બીજુ યુએસ ઓપન મહિલા સિંગલ્સનું ટાઇટલ જીતીને 2012 થી 2014 સુધી સેરેના વિલિયમ્સે જીતેલા સતત ત્રણ યુએસ ઓપન ટાઇટલ પછી સતત બે યુએસ ઓપન જીતનાર પ્રથમ મહિલા ખેલાડી બની.